ઉનાળો શરૂ થયાની સાથે જ છેલ્લાં ચાર દિવસથી પાણી નહીં આવતા સ્થાનિકો રોષે ભરાયા

# નવી ધરતીમાં પાણી માટે પોકાર

**સમગ્ર** વિસ્તારના હિન્દુ-મુસ્લિમ લોકો પાણીની અછતને લઈને કારેલીબાગ પાણીની ટાંકી ખાતે પાણી પુરવઠાની ઓફિસે પહોંચ્યા



(પ્રતિનિધી) વડોદરા, તા.13

ઉનાળાની શરૂઆતની સાથે જ વડોદરા શહેરમાં પાણીની સમસ્યા જાણે વધતી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગુરુવારે સવારે કાસમવાલા કબ્રસ્તાન તેમજ નવી ધરતી ગોલવાડના હિન્દુ મુસ્લિમ લોકો પાણીની અછતને લઈને કારેલીબાગ પાણીની ટાંકી ખાતે પાણી પુરવઠા ની ઓફિસે પહોંચ્યા હતા.


સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ છેલ્લા ચાર દિવસથી પાણી આવતું નથી એક તરફ પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે અને પાણીની ખૂબ જ જરૂર હોય છતાં પણ પાણી મળતું નથી. જે અંગે વારંવાર રજૂઆત કરવા છતાં એસીમાં કેબિનમાં બેઠેલા અધિકારીઓ પાણીની મદદ કરતા નથી. ફોન કરીએ છીએ ત્યારે ઉધધ્ધાઈ ભર્યું વર્તન કરે છે અને સરખા જવાબ આપતા નથી. સાથે જ હિન્દુના હોળી ધૂળેટી જેવા પવિત્ર તહેવારો છે છતાં પણ પાણી પુરવઠા ના અધિકારીઓ પાણી આપવામાં નિષ્ફળ નીવડયા છે. સ્થાનિકોએ પાણી માટે તંત્ર સામે અપીલ પણ કરી હતી અને તંત્ર સામે રોષ પણ વ્યક્ત કર્યો હતો. સ્થાનિકોનું કેવું છે ગત મંગળવારના રોજથી પાણીના લીધે અમે હેરાન થઈ રહ્યા છીએ. ત્રણ દિવસથી અમે પાણી પુરવઠા કચેરીએ આઈ ફરિયાદ કરીએ છીએ. તેમ છતાં જ્યારે અમે અહીંયા આવીએ તો અધિકારીઓ દ્વારા અમને કાઢી મુકવામાં આવે છે. ત્રણ દિવસથી પાણી ન આવવાથી બહુ મોટી તકલીફ ઊભી થઈ છે. જ્યારે અમારો રમઝાન મહિનો ચાલી રહ્યો છે. અધિકારી યોગેશ વસાવા અહીંથી નીકળ બધાને લઈને તું આવી જાય છે, એમ કહીને અમને કાઢી મૂકે છે.

આ વિસ્તારમાં હિન્દુ તથા મુસ્લિમ સમાજના લોકો રહે છે. બધા મજૂરો વર્ગ રહે છે. ચાર દિવસથી નથી નાવાનું પાણી મળતું કે નથી પીવાનું પાણી મળતું. અમે વારંવાર ફરિયાદ કરી પરંતુ કોઈ અધિકારી અમારી સમસ્યાનું નિરાકરણ લાવતા નથી. ચાર દિવસથી કામ ધંધા છોડીને અમારે કચેરીના આંટા મારવા પડે છે. પહેલા જે પ્રમાણે અમારા વિસ્તારમાં પાણી આવતું હતું , તેવી રીતના જ પાછું પાણી આવે એવી વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરી આપવામાં આવે.

# અમારે સ્માર્ટ મીટર નથી જોઈતું, ફરીથી જુનું મીટર લગાવી આપો

**સ્માર્ટ મીટર** લગાવ્યા પછી ફતેગંજના રહેવાસીઓનો વીજ પુરવઠાની મુખ્ય કચેરીએ પહોંચી હલ્લાબોલ





(પ્રતિનિધી) વડોદરા, તા.13

વડોદરાના ફતેગંજમાં સન્ની સાઈડ એપાર્ટમેન્ટના રહેવાસીને 20,000નું વીજળી બિલ ફટકારવામાં આવ્યું, જેનાથી લોકોમાં રોષ ફેલાયો છે અને અન્યાયનો આરોપ લગાવવામાં આવ્યો છે. સ્માર્ટ મીટર લગાવ્યા પછી બિલમાં વધારો કરવામાં આવ્યો છે,

વીજ પુરવઠાની મુખ્ય કચેરીનો સ્થાનિકોએ સંપર્ક કર્યો હતો, અને માંગ કરી છે કે જૂનું મીટર ફરીથી ઈન્સ્ટોલ કરવામાં આવે. સ્થાનિક લોકોએ દાવો કર્યો છે કે તેમને છેલ્લા છ મહિનામાં 15,000 થી 20,000 સુધીના મોટા બિલ આપવામાં આવ્યા છે જ્યારથી સ્માર્ટ મીટર લગાવ્યા છે ત્યારથી વધુ પડતું બિલ આવે છે સ્માર્ટ મીટર લગાવતા પહેલા જ્યાં 3000 રૂપિયા બિલ આવતું હતું તેની જગ્યાએ 20,000 રૂપિયા આવે છે જેથી અમારી માંગ છે કે સ્માર્ટ મીટર કાઢી અમને જૂનો મીટર લગાવી આપવામાં આવે. રહેવાસીની દુર્દશાએ સ્માર્ટ મીટરની ચોકસાઈ અને બિલિંગ પ્રક્રિયાની પારદર્શિતા પર પ્રશ્નો ઉભા કર્યા છે. વડોદરા વીજળી વિભાગને આ બાબતની તપાસ કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા સુધારાત્મક પગલાં લેવા વિનંતી કરી છે. રહેવાસીઓ સ્માર્ટ વીજ મીટરના ઉકેલ માટે વીજ પુરવઠા અધિકારીને મળ્યા અને તેઓને તમામ વાત રજૂ કરી ત્યારે અધિકારીએ વીજબીલ હાલ પૂરતું ન ભરતા તેમ અમને સૂચના આપી હતી. અમે ચકાસણી કરીએ ત્યાં સુધી તમે ધીરજ રાખશો આનો નિકાલ અમે જલ્દી લઈ આવીશું. જો ખામી જણાશે તમે મીટર બદલી આપીશું તેવી ખાતરી આપી છે.

કોઠારી સ્વામીના એકહથ્થુ નિર્ણય સામે ટ્રસ્ટી સહિતના લોકોમાં ભારે રોષ

# કલાલી ગામનું સ્વામીનારાયણ મંદિર અન્ય જગ્યા પર નહીં ખસેડવા ગ્રામજનોની માગ

**નારાજ** થયેલા ગ્રામજનો દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત કરાઇ

(પ્રતિનિધી) વડોદરા તા.13

કલાલી ગામના સ્વામીનારાયણ મંદિરને હાલના કોઠારી સ્વામી દ્વારા અન્ય જગ્યા પર ખસેડવાની આયોજન કરી રહ્યા છે. ત્યારે મંદિરના ટ્રસ્ટી સહિત ગ્રામજનો-ભક્તોમાં જેને લઈને રોષ ફેલાયો છે. જેથી મંદિરના અન્યત્ર લઇ જવાના નિર્ણય સામે નારાજગી દર્શાવી ગ્રામજનોએ પો. કમિશનર રજૂઆત કરવા પહોંચ્યા હતા અને મંદિર નહીં ખસેડી ગામમાં રહેવા માટેની માગણી કરી હતી. કલાલી ગામમાં વર્ષો પુરાણુ લાલજી ભગવાનનું સ્વામીનારાયણ આવેલુ છે. જ્યાં ગામમાં રહેતા ભક્તો તેમજ બહાર આવતા લોકો દર્શન કરી ધન્યતા અનુભવતા હોય છે. મોટી સંખ્યા ભક્તો પારાયણનો લાભ લેવા માટે આવે છે. પરંતુ કોઈ તહેવાર હોય ત્યારે મંદિર ભીડ મોટી સંખ્યામાં થાય છે. જેને લઈ હવે હાલમાં મંદિર કોઠારી સ્વામી પ્રભુચરણદાસ સ્વામીએ આ મંદિરને અન્ય જગ્યા પર ખસેડવામાં આવે આયોજન કરી રહ્યા છે. જેની જાણ મંદિરના ટ્રસ્ટી તથા ગ્રામજનોને થતા આ લોકોમાં ભારે કોઠારી સામે ભારે રોષ ફેલાયો છે. ગ્રામજનો દ્વારા આક્ષેપ સાથે જણાવ્યું છે કે ગામનુ આ મંદિરને અહિયા જેટલું મોટુ બનાવવું હોય તો બનાવો પરંતુ અન્ય જગ્યા પર મંદિરને ખસેડવામાં નહી આવે. પરંતુ કોઠારી સ્વામીની જાહેરાતના પગલે નારાજ થયેલા ભક્તો સહિતના ગ્રામજનોએ ભેગા મળીને પોલીસ કમિશનર કચેરીએ રજૂઆત કરવા પહોંચ્યા હતા અને આ મંદિર ગામમાં રહેવા દેવા સાથે અન્ય જગ્યા પર નહી ખસેડવા માટેની માગણી પણ કરી છે.

### અમારા લાલજીનું મંદિર અન્યત્ર ખસેડવામાં દઇશુ નહીં, ગ્રામજનો

કલાલી ગામમાં મંદિરમાં હાલમાં પારાયણ ચાલી રહ્યું છે. ત્યારે તેમના અનુયાયુઓ સાથે મંદિર અન્ય ખસેડવાની માટે રજૂઆત કરાવી રહ્યા છે. ત્યારે અમારુ ગામનું મંદિર એટલુ મોટુ છે કે તમામ પરવડે છે. નોમના દિવસે ભીડ થાય છે પરંતુ ડાકોરમાં પણ ભીડ થાય છે પરંતુ કોઇ મંદિર તોડીને અન્ય જગ્યાએ લઇ જાય છે ? વડતાલ બોર્ડ પણ ગામમાં મંદિર બનાવવા માટે કોઇ જવાબ આપતા નથી. જેથી અમારા હિતમાં મંદિર અહિયા રહે છે અમે લાલજીની લાલન પાલન કરવા તૈયાર છે.

### પ્રભુચરણદાસ સ્વામી પાંચ વર્ષથી મંદિર ખસેડવામાં હિલચાલ કરી રહ્યા છે

પ્રભુચરણ સ્વામી પાચેક વર્ષથી મંદિરને અન્ય ખસેડવા માટે હિલચાલ કરી રહ્યા છે. તમારે ગામમાંથી મંદિર નહી ખસેડવા માટે તો આખા ગામના લોકોને ભેગા કરીને તેમની મંતવ્ય લો. કોઠારી સ્વામી તેમના મનમાની ચલાવીને મંદિર ખસેડવાનો પ્રયાસ કરી રહ્યા છે. અગાઉ પણમંદિર ખસેડવામાં માટે ત્રણવાર ચિઠ્ઠી ઉછાળી હતી પરંતુ ત્રણ મંદિર ખસેડવામાં માટે ના આવ્યું હતું. જેથી લાલજી પણ જવા માગતા નથી. તેમ છતાં પવન સ્વામી પોતાની મનમાની ચલાવી રહ્યા છે. - **મંદિરના ટ્રસ્ટી**

## દારૂની બોટલની લૂંટફાટ કરનાર મહિલા સહિત બે ઝડપાયા

(પ્રતિનિધી) વડોદરા, તા.13

વાઘોડિયા આજવા ચોકડી વચ્ચે એલ એન્ડ ટી પાસે દારૂ ભરેલી કાર પલટી ખાઈ જતા લોકોએ દારૂની લૂંટફાટ ચલાવી હતી. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોના આધારે કપુરાઈ પોલીસે દારૂ લઈ જનાર મહિલા અને પુરુષને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા હતા.

દારૂને લૂંટફાટ નો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હોય જેના આધારે કપૂરાઈ પોલીસે અલગ અલગ ટીમો બનાવી ઈશ્વર મોહન જાદવ ( રહે નેશનલ હાઈવે નં.48ની પર એલ.એન્ડ.ટી કંપની ની સામે સુરતથી વડોદરા જતા રોડની બાજુમા, વડોદરા) તથા કમલાબેન ઉર્ફે કોમલ રાજુભાઈ પટેલ (રહે પ્રિયંકાનગર ઝુપડપટી એલ.એન્ડ.ટી ની બાજુમાં અમદાવાદ સુરત નેશનલ હાઈવે પાસે વડોદરા શહેર) ને ઝડપી પાડયા હતા. ત્યારબાદ તેમની પાસેથી રૂ.30 હજારનો વિદેશી દારૂનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે.

ભણિયારાની યુવતીને હેતમપુરા ખાતેના યુવક સાથે લગ્ન થયાં હતા

# પત્નીને માર માર્યા બાદ જીવતી સળગાવી દેવા પતિએ ધમકી આપી

**લગ્ન** બાદ પતિ સાથે અણબનાવ અને વારંવાર ઝઘડા થતા હોય પત્ની પિયરમાં જતી રહી

**પત્નીએ** પતિને ગાળો નહી બોલવા જણાવતા એકદમ ઉશ્કેરાઇ મોઢા ઉપર મુક્કો માર્યા

(પ્રતિનિધી) વડોદરા, તા.13

પતિ સાથે અણબનાવ થતા પરીણિતા ભણિયાર ખાતે પિયરમાં રહેતી અને હરણી વિસ્તારમાં કામ કરતી હતી. મહિલા કામ પર જતી હતી ત્યારે તેનો પતિ રિક્ષા લઈને ત્યાં પહોંચી ગયો અને તેની સાથે ઝઘડો કરી માર માર્યો હતો. ત્યરાબાદ ફોન પર પત્નીને જીવતી સળગાવી દઈશ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપતા પત્નીએ હરણી પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વડોદરા જિલ્લાના ભણિયારા ગામે આવેલી નારાયણ ગ્રીન સોસાયટીમાં રહેતા શિવાનીબેન જયસ્વાલના લગ્ન વિકાસ ગણેશ જયસ્વાલ (રહે. હેતમપુરા ગામ) ખાતે તેમના સમાજના રિવાજ મુજબ થયા હતા. પરંતુ પતિ અને પત્ની વચ્ચે અણબનાવ થવ સાથે મનમેળ નહી બેસતા મહિલા માતા-પિતા સાથે તેના પિયરમાં રહેતી હતી. ત્યા રહીને છુટક બંગલાનું કામ કરીને 11 માર્ચના રોજ બંગલા પર કામ કરવા માટે જઈ રહી હતી. તે સમય દરમિયાન બપોરના આશરે પોણા બે વાગ્યાના સુમારે હરણી વિસ્તારમાં આવેલી એકલેવ સોસાયટી નજીક મહિલાનો પતિ વિકાસ જયસ્વાલ તેની રીક્ષા લઈને ધસી આવ્યો હતો. ત્યારબાદ મહિલા પાસે આવીને તારે ઘરે પરત આવવાનું નથી કહી પત્ની સાથે ઝઘડો કરી ગાળો ભાંડતો હતો. જેથી પત્નીએ પતિને ગાળો નહી બોલવા જણાવતા એકદમ ઉશ્કેરાઇ ગયો હતો અને મોઢા ઉપર મુક્કો માર્યા બાદ માર માર્યો હતો. પત્નીએ બુમાબુમ કરતા પતિ સ્થળ પરથી ભાગી ગયો હતો. મહિલાએ તેના માતા-પિતાને વાત કરતા તેઓએ ફરીયાદ કરવાની ના પાડતા ત્યારે કોઈ ફરીયાદ નોંધાવી ન હતી. ત્યારબાદ મહિલાના પતિએ તેમના મોબાઈલ ઉપર ફોન કરી હું તને જીવતી નહી રહેવા અને તેને સળગાવી દઈશ તેમ કહી મને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મહિલાએ હરણી પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયનની ઈ.વીસીને રજૂઆત

# હંસા મહેતા લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓને A.C ની સુવિધા ઉપલબ્ધ કરાવવા માંગ

**લાયબ્રેરીમાં** વાંચન કરતા વિદ્યાર્થીઓને ગરમીના કારણે ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે



(પ્રતિનિધી) વડોદરા,તા.13

એમએસયુમાં વિદ્યાર્થીઓ પાસે ફીની સંપૂર્ણ વસુલાત કરવામાં આવે છે પણ સુવિધાઓના નામે મિંડુ જેવો ઘાટ જોવા મળી રહ્યો છે. હંસા મહેતા લાઈબ્રેરીમાં છાત્રો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે, કાળઝાળ ગરમીમાં એસીની સુવિધા આપવાની માંગ સાથે વિદ્યાર્થી સંગઠન એજીએસયુ દ્વારા ઈન્ચાર્જ વીસી ધનેશ પટેલને રજૂઆત કરવામાં આવી હતી.

મ. સ. યુનિવર્સીટીમાં આવેલી હંસા મેહતા લાયબ્રેરી કે, જેમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવે છે. અંતિમ વર્ષ તથા માસ્ટર્સ ના વિદ્યાર્થીઓની સંખ્યા વધારે જોવા મળતી હોય છે. બીજી તરફ હાલ માં જે રીતે કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. તેના કારણથી લાયબ્રેરીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગરમીના કારણ ખુબ જ મુશ્કિલ અને તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે હંસા મેહતા લાયબ્રેરીમાં એર કન્ડિશનર એસીની સુવિધા ઉપલબદ્ધ કરવામાં આવી છે. પરંતુ વિધાર્થીઓને તે સુવિધા પ્રાપ્ત થઇ રહી નથી. વિધાર્થીઓ જયારે લાયબ્રેરી ખાતે એડમિશન કરાવે છે. ત્યારે તે લોકો પાસે થી સંપૂર્ણ ફીસ પણ લેવામાં આવતી હોય છે. તો ખરા સમય જ્યારે વિદ્યાર્થીઓને જરૂર છે તો તેમને એસીની સુવિધા કેમ આપવામાં આવી રહી નથી. ત્યારે, આપ સત્તાધીશો આ બાબત ઉપર ધ્યાન આપી વહેલી તકે વિધાર્થીઓ માટે A.C ની સુવિધા ઉપલબ્ધ કરાવામાં આવે તેવી રજુઆત એજીએસયુના પંકજ જયસ્વાલ દ્વારા કરવામાં આવી હતી.

ઊંઘતા સત્તાધીશોને જગાડવાનો પ્રયાસ

# પડતર પ્રશ્નો મુદ્દે સફાઈ કામદારોએ રામધૂન બોલાવી

**જીયુવીએનએલની** કચેરી બહાર સફાઈ કામદારોનું ધરણા પ્રદર્શન

( પ્રતિનિધિ )વડોદરા,તા.13

વડોદરા શહેરમાં જીયુવીએનએલની કચેરી બહાર અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘની આગેવાની હેઠળ સફાઈ કામદારોએ વિવિધ પડતર માંગણીઓની સાથે ધરણા પર બેસીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ઉલ્લેખનીય વચ્ચે છે કે વિદ્યુત કોલોનીમાં બે આઉટસોર્સિંગ એજન્સીના કોન્ટ્રાક્ટમાં સફાઈ કામદાર ફરજ બજાવે છે. જેમાં હાઉસકીપિંગ એજન્સીને કોલોની સંકુલના રોડ રસ્તા શાળા ઓફિસ અને ઓડિટોરિયમની સફાઈ જ્યારે બીજી એજન્સીને અધિકારીઓના બંગલામાં સફાઈ કરવાની જવાબદારી સોંપાય છે. જોકે સફાઈ કામદારો પાસે લોડિંગ અને લોડિંગ કામ, કડિયા કામ, માળી કામ સહિતની કામગીરી પણ કરાવતી હોવાના આક્ષેપો તેઓએ કર્યા હતા. કામદારે જણાવ્યું હતું કે, સત્તાધીશો દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. આજે તહેવાર છે મહિલાઓ એમના છોકરાઓ ને છોડીને અહીંયા ધરણા પર બેઠી હતી. આજે એમના વિશે પણ વિચારતા નથી. અમે એક અનોખું રામધૂનનું આયોજન કર્યું હતું કે આ ઊંઘતા સત્તાધીશો છે જાગે. અમારી સમસ્યા એ છે કે છુટા કરેલા કામદારોને પાછા લેવામાં આવે, રજા પગાર ઈએસઆઈ બોનસ ના લાભ મળે, 8 કલાક ઉપર જે કામ કરવામાં આવે છે એનું કોઈ ભથ્થું આપવામાં આવતું નથી તો એ આપવામાં આવે.

જેસીપી અને ડીસીપી, એસીપી સહિતના અધિકારીઓ દ્વારા ચેકિંગ

# તહેવારોમાં અનિચ્છનીય બનાવ ના બને માટે પોલીસનું ફુટ પેટ્રોલિંગ

**શહેરના** સંવદેનશીલ તથા અતિસંવેદનશીલ વિસ્તારોમાં વધુ તકેદારી રાખવા સૂચના

**કાયદો** અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસ કમિશનર દ્વારા આદેશ કરાયો

(પ્રતિનિધી) વડોદરા તા.13

હાલમાં હિન્દ અને મુસ્લિમ સમાજના હોળી ધુળેટી તથા રમજાન માસ ચાલી રહ્યો છે. ત્યારે આ તહેવાર દરમિયાન શહેરની શાંતિ જળવાઈ ઉપરાંત કોઈ તથા વિવિધ ઝોનના ડીસીપીની અધ્યક્ષતામાં સિટી વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ કરાયું હતું. કેટલાક સંદેવનદશીલ તથા અતિસંવેદનશીલ વિસ્તારોમાં પણ સઘન ચેકિંગ કરવા માટે સૂચના અપાઇ હતી.

સંસ્કારીનગરી વડોદરમાં હિન્દ કે મુસ્લિમ સમાજનો તહેવાર હોય પરંતુ લોકો ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. ત્યારે હાલમાં રમજાન માસ ચાલી રહ્યો છે અને સાથે પવિત્ર હોળી તથા ધૂળેટો પણ તહેવાર છે. ત્યારે પોલીસ દ્વારા આ તહેવારો દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ના બને તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેના માટે પોલીસ કમિશનર તથા જોઈન્ટ પોલીસ કમિશનર ડો. લીના પાટીલ દ્વારા શહેરના સંવેદનશીલ તથા અતિસંવેદનશિલ વિસ્તારોમાં સઘન ફુટ પેટ્રોલિંગ કરવાની સૂચના આપવામાં આવી હતી. જેને ધ્યાનમાં રાખીને સિટી વિસ્તારમાં ખુદ જેસીપી ડો.લીના પાટીલની અધ્યક્ષતામાં તમામ ઝોનના ડીસીપી, એસીપી તથા પીઆઇ ઉપરાંત ડીસીબી, પીસીબી અને એસઓજીની ટીમના અધિકારીઓના હાજરીમાં 13 માર્ચ એટલે હોળીકા દહન થાય તે પૂર્વે સિટી વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસને વધુ તકેદારી રાખવાની પણ સૂચના આપવામાં આવી હતી.

રામનાથ તળાવ લગભગ 20,000 ચોરસ મીટર વિસ્તારમાં પથરાયેલું

# રામનાથ તળાવનું 3.56 કરોડના ખર્ચે નવીનીકરણ કાર્ય શરૂ કરાયું

**તળાવની** ઊંડાઈ વધશે, અને તળાવ 4 કરોડ લીટર જેટલું વધારે પાણી સમાવી શકશે

(પ્રતિનિધી) વડોદરા, તા.13

વડોદરા શહેરમાં ગયા ચોમાસામાં થયેલી વિનાશક પૂરની સૌથી વધુ અસર વોર્ડ નં. 14 અને 16માં જોવા મળી હતી. આ વિસ્તારના નાગરિકોને આગામી ચોમાસામાં આવી પરિસ્થિતિનો સામનો ન કરવો પડે, તે માટે વડોદરા મહાનગર પાલિકા દ્વારા પૂરજોશમાં કામગીરી હાથ ધરાઈ છે. વડોદરાના રાવપુરા વિધાનસભા વિસ્તારમાં આવેલું રામનાથ તળાવ લગભગ 20,000 ચોરસ મીટર વિસ્તારમાં પથરાયેલું છે. આ તળાવમાં પાણી સંગ્રહની ક્ષમતા વધારવા માટે અને તેની સુવ્યવસ્થિત સફાઈ-મેઈન્ટેનન્સ માટે રૂ. 3.56 કરોડના ખર્ચે નવીનીકરણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ કામ પૂર્ણ થતા તળાવની ઊંડાઈ વધશે, જેની અસરરૂપે 4 કરોડ લિટર જેટલું વધારે પાણી સંભાળી શકશે. આ કામગીરી આગામી દોઢથી બે મહિનામાં પૂર્ણ થઈ જશે. આ સમગ્ર પ્રોજેક્ટના કામનું આજે વિધાનસભાના દંડક, વોર્ડના કોર્પોરેટરો અને કોર્પોરેશનના અધિકારીઓએ નિરીક્ષણ કર્યું હતું.

શહેરમાં વરસાદી પાણીનો નિકાલ સુનિશ્ચિત કરવા માટે વરસાદી કાંસ ખુલ્લો અને સાફ કરવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને ચોખંડી, નાની શાકમાર્કેટ, દાલિયાવાડી અને ઈદગાહ મેદાન સુધીના કાંસને સંપૂર્ણપણે સાફ કરીને તેનું નવીનીકરણ કરવામાં આવશે. વિધાનસભાના દંડકે જણાવ્યું કે આ કાંસને વર્ષો સુધી યોગ્ય રીતે સાફ કરવામાં આવ્યો નથી, જેના કારણે વરસાદી પાણીની જમાવટ અને પૂર જેવી સમસ્યાઓ સર્જાઈ રહી હતી. આ નવી વ્યવસ્થાના કારણે ચોખંડી વિસ્તારના વરસાદી પાણી રામનાથ તળાવ અને અન્ય ડ્રેનેજ સિસ્ટમમાં સરળતાથી વહી જઈ શકશે.

www.vmc.gov.in ઉપર અરજી કરી શકાશે

# વડોદરા પાલિકાના આરોગ્ય વિભાગમાં નવી ભરતી કરાશે

**સીએમ** સેતુ યોજના અને 15મા નાણાં પંચ હેઠળ તજજ્ઞોની તક

(પ્રતિનિધિ) વડોદરા, તા13

વડોદરા મહાનગર પાલિકા આરોગ્ય વિભાગના અર્બન સીએચસી ખાતે વિવિધ તજજ્ઞોની ભરતી કરવા જઈ રહી છે. આ ભરતી સીએમસી સેતુ યોજના અને 15મા નાણાં પંચ હેઠળ કરવામાં આવશે. આ ભરતીની અંદર કુલ 13 જેટલા તજજ્ઞો-તબીબોની ભરતી કરવામાં આવનાર છે.

ઈચ્છુક અને લાયક ઉમેદવારો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 23 માર્ચ 2025 છે.

### કયા વિભાગમાં કેટલી ભરતી કરાશે?

| | |
|---|---|
| એનેસ્થેટિક (Anesthetist) | - 3 |
| ફિઝીશિયન (Physician) | - 3 |
| સર્જન (Surgeon) | - 1 |
| રેડિયોલોજિસ્ટ (Radiologist) | - 3 |
| ઓર્થોપેડીક (Orthopedic) | - 1 |
| ડર્મેટોલોજિસ્ટ (Dermatologist) | - 2 |

અરજી પ્રક્રિયા સંબંધિત વધુ માહિતી વડોદરા મહાનગર પાલિકાની અધિકૃત વેબસાઈટ અથવા આરોગ્ય વિભાગની જાહેરાતમાં જોઈ શકાય છે. જેની વેબસાઈટ www.vmc.gov.in ઉપર અરજી કરી શકાશે.

# ગેરીએ છેલ્લાં 5 વર્ષમાં સરકારને 200 કરોડથી વધુ રેવન્યુ જનરેટ કરી આપી

**સરકારી** ઇમારત સહિત તમામ ઇમારતની ચકાસણી ગેરી દ્વારા કરાતી હોય છે

(પ્રતિનિધિ) વડોદરા, તા13

ગેરી એ ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા છે 1959માં બોમ્બે સ્ટેટમાં ઈજનેરી સંશોધન સંસ્થા ની સ્થાપના કરવામાં આવી હતી. ફર્સ્ટ મેં 1960 માં રાજ્યનું વિભાજન થતાં ગુજરાતના હિસ્સાને ગુજરાત એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ તરીકે ગેરી તરીકે અસ્તિત્વમાં આવી હતી. અને મહારાષ્ટ્રમાં જે સંસ્થા રહી મહારાષ્ટ્ર ઈજનેરી સંશોધન સંસ્થા એમ મેરી તરીકે અસ્તિત્વમાં આવી તે 1,મે 1960 થી ઉત્તરોત્તર ગેરીમાં નવા વિભાગો ખુલતા ગયા અને ગેરી પૂરજોશ માં કાર્યરત થઈ હતી. ગુજરાતના વિકાસના કામોમાં ગુણવત્તા જાળવવા તેમજ ઈજનેરી સંશોધનો કરી અને રાજ્યના બાંધકામ વિભાગના પ્રશ્નો તેના ઈજનેરી ઉકેલ લાંબાગાળામાં ટકી શકે તે રીતે ઉકેલ લાવવા માટે પણ સંશોધન કાર્યવાહી ગેરી દ્વારા કરવામાં આવે છે. ગેરી દ્વારા કોન્ક્રીટ મિક્સ ડિઝાઈન અને મોડલ સ્ટડી જેવા મહત્વની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી નો કોન્ક્રીટ મિક્સ ડિઝાઈન પણ ગેરી દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું અને હમણાં કડાણા ડેમના ડાઉન સ્ટ્રીમ માં કોન્ક્રીટ જે M 60 ગ્રેડ નો જે મિક્સ ડિઝાઈન પણ ગેરી દ્વારા કરવામાં આવી હતી. સરકારી ઈમારત સહિત તમામ ઈમારતની ચકાસણી ગેરી દ્વારા કરવામાં આવતી હોય છે. ગેરીને છેલ્લા પાંચ વર્ષમાં સરકારને 200 કરોડ ઉપરાંત રેવન્યુ જનરેટ કરી આપ્યો છે. રાજ્યમાં કોઈ પણ બાંધકામ જ્યારે કરવાનું હોય ત્યારે સૌ પ્રથમ એ બાંધકામમાં ઉપયોગ થતી વસ્તુઓ સારી છે કે નહીં ક્વોલેટી કેવી છે તે તમામનું ચેકિંગ ગેરી દ્વારા કરવામાં આવતું હોય છે.

ગેરી દ્વારા વાર્ષિક ધોરણે પરીક્ષણોની જો વાત કરવામાં આવે તો 2020-21 માં 83,655 નમુના પરીક્ષણ કરી 3139 લાખ રૂપિયાની રેવન્યુ જનરેટ કરી હતી. 2021 22 માં એક લાખ3,573 નમુના પરીક્ષણ કરી 3001 લાખ રૂપિયાની રેવન્યુ જનરેટ કરવામાં આવી હતી.2022-23 માં 1,33,208 નમુના પરીક્ષણ કરી 4,274 લાખ રૂપિયાની જનરેટ કરવામાં આવી હતી. 2023 24 માં 1,87, 474 નમુના પરીક્ષણ કરી 5393 લાખ રૂપિયાનું રેવન્યુ જનરેટ કર્યું હતું. 2024 25 ચાલુ વર્ષમાં ફેબ્રુઆરી અંત સુધીમાં 2,18,968 નમુના પરીક્ષણ કરવામાં આવ્યા હતા.